ગાંધીનગર સમાચાર



# મનપા દ્વારા બાયોગેસ પ્લાન્ટ પાછળ ૧૩ લાખ ખર્ચાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા બાયોગેસ પ્લાન્ટના આધુનિકરણ અને સુદ્દઢીકરણ માટે આગામી દિવસોમાં રૂ. ૧૩ લાખથી પણ વધુનો ખર્ચ કરવામાં આવશે.

**સોલાર લાઈટના ટેન્ડરને મંજૂરી : મનપાની વડી કચેરીમાં ૨૦ સી.સી. ટી.વી. કેમેરા લગાવાશે : રાકેશ પટેલ**

મનપાની આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં બાયોગેસ પ્લાન્ટ માટે પ્યોરીફાયર રૂ. ૮ લાખના ખર્ચે ખરીદવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મનપાની કામચલાઉ લેન્ડફિલ્ડ સાઈટ ખાતે મિથેન ગેસનો પ્લાન્ટ ઉભો કર્યા બાદ હવે તંત્રને પ્યોરીફાયરની આવશ્યકતા જણાતાં આ દરખાસ્ત આજે સ્થાયી સમિતિ સમક્ષ કરવામાં આવતાં સ્થાયી સમિતિએ તેને મંજૂરીની મહોર મારી છે.

સ્થાયી સમિતિની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં ચેરમેન શ્રી રાકેશ પટેલે જણાવ્યું હતું કે બાયોગેસ પ્લાન્ટ માટે ડીઝલથી ચાલતો જનરેટર સેટ પણ રૂ. પાંચ લાખના અંદાજિત ખર્ચે ખરીદવાની મંજૂરી આપવામાં આવી છે

આ બન્ને દરખાસ્તો કમિશનર દ્વારા કરવામાં આવી હતી તેમ પણ તેમણે જણાવ્યું હતું.

શ્રી પટેલે જણાવ્યું હતું કે સોલાર લાઈટનું ગઈ બેઠકમાં મુલ્તવી રાખવામાં આવેલ કામ પણ આજની બેઠકમાં મંજૂર કરવામાં આવેલ છે. જેમાં એલ.ઈ.ડી. સોલર લાઈટ ઈન્સ્ટોલેશન સાથે સપ્લાય કરવાનો ભાવ ૧૧,૮૦૦ જે એલ-૧ હતો તેને મંજૂર રાખવામાં આવેલ છે.

આ ઉપરાંત મહાનગરપાલિકાની કચેરી તેમજ કચેરીના પરિસરમાં હવે સી.સી.

● અનુસંધાન પાન-૭ પર



હર હર મહાદેવ - સેક્ટર-૪ના ઓમકારેશ્વર મહાદેવ ખાતે શ્રાવણિયા સોમવારની ઉજવણીના ભાગરૂપે બરફના મહાદેવનું નિર્માણ કરાયું હતું... બપોર બાદ ભાવિકો મોટી સંખ્યામાં દર્શન માટે ઉમટ્યા હતા...

# ગુડા આવતીકાલે શુભ-લાભ આવાસ યોજનાના ૩૫૨ લાભાર્થીઓને કબજો સોંપશે

ગાંધીનગર તા ૭

ગુડા દ્વારા રાંદેસણ રાયસણ તેમજ અડાલજ વિસ્તારમાં તૈયાર કરાયેલા એલ આઈ જી આવાસોનો તા ૯ સપ્ટેમ્બરે લાભાર્થીઓને કબજો સોંપવામાં આવશે.ટાઉનહોલ ખાતે બપોરે ૨ કલાકે આ અન્વયે વિશેષ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ દરમિયાન રાયસણ અને ચિલોડા વિસ્તારમાં તૈયાર થયેલા ૩૫૨ આવાસોનો લાભાર્થીઓને કબજો સોપવામાં આવશે. આ તબક્કે રાજય કક્ષાના મંત્રીના હસ્તે અડાલજમાં નિર્માણ કરવામાં આવનારા નવા આવાસોનો ડ્રો પણ કરવામાં આવશે.મધ્યમ વર્ગના પરિવારજનો માટે કુડાસણમાં નવી આવાસ યોજનાનો શુભારંભ પણ કરવામાં આવશે.

ગુડા દ્વારા ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે રાયસણ ચિલોડા તેમજ અડાલજ વિસ્તારમાં આવાસો બાંધવામાં આવ્યા છે. જયારે આ પૈકી ૩૫૨ મકાનોની કબજો સોંપવામાં આવશે. જયારે આ તબક્કે અડાલજમાં નિર્માણ થનારી નવી આવાસ યોજના અન્વયે પણ ૫૦૪ જેટલા મકાનોની

**નવી આવાસ યોજનાના કુડાસણમાં નિર્માણ થશે -અડાલજની એલ આઈ જી-૨ની યોજનાના મકાનોની પણ ફાળવણી માટે પણ ગૃહ નિર્માણ મંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે ડ્રો કરાશે- લાભાર્થીઓ માટે લોન મેળાનુ આયોજન**

કામગીરી પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. તા ૯ સપ્ટેમંબરના રોજ ટાઉનહોલ ખાતે આ આવાસોના લાભાર્થીઓને પ્રથમ તબક્કામાં આવાસોનો કબજો સોંપવામાં આવશે.રાજય કક્ષાના શહેરી ગૃહ નિર્માણ મંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે લાભાર્થીઓને આવાસોનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો મારફતે ફાળવણી કરવામાં આવશે. વધુમાં ગુડા દ્વારા મધ્યમ વર્ગના પરિવારજનોને ધ્યાને રાખી કુડાસણમાં પણ નવી આવાસ યોજનાનુ નિર્માણ કરવામાં આવશે. આ યોજનાનો પણ શુભારંભ

● અનુસંધાન પાન-૭ પર

# મનપા વિપક્ષના નેતા પદે કોંગીના શૈલેન્દ્રસિંહ બિહોલાએ ચાર્જ સંભાળ્યો

ગાંધીનગર, તા. ૭



ગાંધીનગર મહાનગરપાલિકા વિપક્ષના નેતા તરીકે કોંગીના કાઉન્સીલર શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ આજે પ્રદેશ, શહેર અને જિલ્લા એકમના આગેવાનોની હાજરીમાં તેમના હોદ્દાનો ચાર્જ સંભાળ્યો છે.

સમર્થકોની મોટી હાજરીમાં સરઘાસાકારે આવી પહોંચેલા શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ પક્ષે તેમનામાં મુકેલા વિશ્વાસને સાર્થક કરવાની ખાત્રી સમર્થકોને આપી હતી.

ગાંધીનગર મહાનગરપાલિકામાં ચૂંટણી વેળાએ સત્તાના સૂત્રો સંભાળનાર કોંગ્રેસના ત્રણ કાઉન્સીલરોએ બળવો કરતાં વિપક્ષની ભૂમિકામાં આવી જવા પામેલ છે. કોંગ્રેસને સત્તાવાર રીતે વિપક્ષ તરીકે ઘોષિત કરી દેવામાં આવેલ છે.

આજરોજ ડૉ. કૌશીક શાહ પ્રમુખશ્રી ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિની ઉપસ્થિતિમાં નવા વરાયેલા વિરોધ પક્ષના નેતા શ્રી શૈલેન્દ્રસિંહ બિહાલાએ વિરોધ પક્ષના નેતાનો ચાર્જ સંભાળેલ. આ કાર્યક્રમમાં શહેર પ્રમુખશ્રી ડૉ. કૌશીક શાહ, શ્રી નીશીત વ્યાસ મહામંત્રી ગુજરાત પ્રદેશ, શ્રી વિક્રમસિંહ ખાચર, શ્રી યુસુફ પરમાર, ચીમનભાઈ વિંઝુડા, પ્રવિણ પટેલ તેમજ પક્ષના કોર્પોરેટરો, સીનીયર આગેવાનો, હોદ્દેદારો, એનએસયુઆઈ, યુવા કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી અને આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

# શહેરી-ગ્રામીણ વિસ્તારમાં ૩ કરોડના વિકાસકામો મંજુર

## મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના વિકાસ કામોને પ્રથમવાર મંજુરી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ આજે પ્રથમવાર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૩ કરોડના ખર્ચે વિકાસ કામો શરૂ કરવાની દરખાસ્તને બહાલી આપી છે તેમજ ધોળાકુવા અને ઈન્દ્રોડા ખાતે બનાવાયેલ ધોબીઘાટના કામ માટે રૂ. ૩૦ હજારના વધારાના ખર્ચને પણ મંજૂર કરેલ છે.

સ્થાયી સમિતિના ચેરમેન શ્રી રાકેશ પટેલની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં વિકાસ કામોને અગ્રતા આપવામાં આવી હતી. ૧૩ થી પણ વધુ કામોને આજની બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પહેલીવાર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં રોડ, રસ્તા તેમજ શાળાઓની મરામત સહિતના કામો માટે રૂ. ૩ કરોડના વિકાસ કામો હાથ ધરવાની વિધિવત્ મહોર લગાવી હતી. આ માટે કાઉન્સીલરો દ્વારા ગ્રાન્ટની ફાળવણી થઈને આવી હતી પરંતુ મંજૂરીના અભાવે હાથ ધરાતા ન હતા.

**પહેલીવાર ગ્રામ્ય વિસ્તારના વિકાસ કામોની મંજૂરી : મધ્યાહન ભોજન યોજના માટે ડીશો ખરીદવાનું ટેન્ડર પણ જારી કરવામાં આવશે**

સામાન્ય સભામાં આ માટે સભ્યોએ તીવ્ર લાગણી પણ વારંવાર રજુ કરી હતી.

આજે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં મધ્યાહન ભોજન યોજનામાં બાળકોને જમવા માટેની સ્ટીલની ડીશો ખરીદવાનું ટેન્ડર જારી કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત ધોળાકુવા અને ઈન્દ્રોડા ગામે બનાવાયેલ ધોબી ઘાટના કામમાં વધારાના ૩૦ હજારના કામના ખર્ચને પણ મંજૂરી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ બેઠકમાં હાઉસીંગ બોર્ડમાં પેવર બ્લોકના કામ માટે ૭૦ ટકા મુખ્યમંત્રી સ્વર્ણીમ જયંતિ યોજના અન્વયે તેમજ ૩૦ ટકા કોર્પોરેશન ખર્ચ ઉઠાવી કામ કરશે તેવો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ ઉપરાંત મહાનગરપાલિકાની વિવિધ સાઈટો પર સિક્યોરીટી ગાર્ડ મુકવા, રોડ રિસર્ફસીંગ માટેની રૂ. ૧૨ કરોડની ગ્રાન્ટ માર્ગ-મકાન વિભાગ હસ્તક મુકવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

# ખ-માર્ગને સીકસલેન બનાવવાનુ કામ શરૂ થતા હજુ એક મહીનાનો સમય લાગશે

ગાંધીનગર તા ૭

શહેરના ખ માર્ગને સીકસલેન બનાવવાનુ કામ ટુંકમાં શરૂ કરી દેવાશે. જો કે આ કામગીરી અન્વયે હજુ ટેન્ડરને મંજુરી આપવામાં આવી નથી. ટેન્ડર પ્રક્રીયા પૂર્ણ કરી દેવામાં આવી છે. પરંતુ ટેન્ડર ૪૬ ટકા જેટલુ નીચુ આવતા કામગીરીની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થ મંડરાયો છે. જેથી ટેન્ડરની યોગ્ય ખરાઈ કરાયા બાદ જ એજન્સીને વર્ક ઓડર આપવામાં આવશે. ખ માર્ગને સીકસલેન બનાવવા પાછળ અંદાજિત રૂપિયા ૯ કરોડનો ખર્ચ થાય તેમ છે.

શહેરના રોડ નેટવર્કના કામો હાથ ધરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે ઘણીવાર કામગીરીમાં ગુણવત્તા ન જળવાતા ટુંકા સમયગાળામાં જ રસ્તાઓનુ ધોવાણ થતુ હોવાનું ધ્યાને આવે છે. માર્ગ નિર્માણમાં ભ્રષ્ટાચાર થતો હોવાનો આક્રોશ પ્રબળ બની રહયો છે. આવા સંજોગોમાં માર્ગ નવિનીકરણની કામગીરી દરમિયાન પારદર્શકતા જળવાય તે અનિવાર્ય બન્યુ છે. શહેરમાં તબક્કાવાર માર્ગ નવિનીકરણના કામો હાથ ધરવામાં આવે છે. જે અન્વયે શહેરના મુખ્ય ઘ માર્ગ તેમજ અન્ય રસ્તાઓનુ કામ પણ હાથ ધરવામાં આવનાર છે.

**૪૬ ટકા નીચુ ટેન્ડર મંજુરીમાં અટવાયુ યોગ્યતા ચકાસીને જ વર્ક ઓડર અપાશે**

શહેરના ઘ માર્ગનુ પણ ટુંકમાં કામ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત શહેરના ખ માર્ગને પણ ફોરલેનમાંથી સીકસલેન બનાવવા ટુંકમાં કામ શરૂ કરી દેવાશે. ખ માર્ગને સીકસલેન બનાવવા માટે થોડા સમય અગાઉ જ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી.

જો કે ખ માર્ગને સીકસલેન બનાવવા અંદાજિત રૂ ૯ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. જયારે ટેન્ડર પ્રક્રીયાના અંતે ૪૬ ટકા ટેન્ડર નીચુ આવતા હજુ સુધી વિભાગ કક્ષાએથી ટેન્ડરને મંજુરી આપવામાં આવી નથી. ટેન્ડર નીચુ આવતા કામગીરીની ગુણવત્તાના મામલે પણ વિભાગ કક્ષાએથી જરૂરી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. ટેન્ડર મંજુરીના અંતે યોગ્યતા ચકાસીને સંબંધિત એજન્સીને વર્ક ઓડર આપવામાં આવશે.



**દુરસ્તીકરણ** - શહેરના મુખ્ય ચાર રસ્તાઓ પર હાઈમાસ્ક લાઈટ લગાવાઈ છે. કેટલાક વખતથી આંશિક બંધ હોવાની ફરિયાદો ઉઠતી હતી. છેલ્લા બે દિવસથી તમામ હાઈમાસ્ક લાઈટનું દુરસ્તીકરણ ચાલી રહ્યું છે. આગામી દિવસોમાં શહેરના સર્કલો પુનઃ ઝગમગતા થઈ જશે. (તસવીર : કશ્યપ નિમાવત)

# જિલ્લાની શાળાઓમાં જ્ઞાન સપ્તાહ ઉજવાશે

**ઉજવણી અન્વયે શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓનુ આયોજન : શાળા સફાઈ, વ્યસન મુક્તિ ,ઘડીયા ગાન સામાન્ય જ્ઞાન કવીઝ સહીતની સ્પર્ધાઓ યોજાશે : નિવૃત શિક્ષકોનુ સન્માન કરાશે**

ગાંધીનગર તા ૭

સ્વચ્છતા , સમૃધ્ધિ , સ્વ શિક્ષણ અને સન્માનની ભાવના સાથે જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં તા ૮ થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. આ અન્વયે શાળા સંકુલની સફાઈ,આદર્શ વાંચન, દાખલા ગણન તેમજ સામાન્ય જ્ઞાન કવીઝ, દેશ ભકિતના ગીતો પ્રભાત ફેરી સહીત વિવિધ સ્પર્ધાઓનુ આયોજન કરવામાં આવશે.

શિક્ષણ વિભાગ દ્વરા રાજયની શાળાઓમાં જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જે અન્વયે ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પણ જ્ઞાન સપ્તાહની ઉજવણીને અનુલક્ષીને વિવિધ સ્પર્ધાઓ તેમજ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લા શિક્ષણ તંત્રના સુત્રોમાંથી પ્રાપ્ય થતી માહીતી અનુસાર જિલ્લાની તમામ શાળાઓમાં સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. જયારે જિલ્લામાં ૩૦૫ જેટલી માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સપ્તાહની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાશે. જેમાં તા ૮ થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન શાળા સફાઈ વર્ગ ખંડ સુશોભન પ્રભાત ફેરી ,વર્ગ સફાઈ, બાળ વાર્તા દાખલા ગણન, ઘડીયા ગાન,સામાન્ય જ્ઞાન કવીઝ, ચેસ કેરમ અને રંગોળી સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત દેશ ભક્તિ ગીત સ્પર્ધા , વ્યસન મુક્તિ અભિયાન સહિતના કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત ઉજવણીના અંતિમ દિવસે નિવૃત શિક્ષકોને આમંત્રણ આપવામાં આવશે.

**ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડ**

**દુકાન નં. સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, અપના બજારની બાજુમાં, ગાંધીનગર**

ઓફીસ સમય : સવારે ૮-૩૦થી ૧૨-૦૦ સાંજે ૨-૦૦ થી ૫-૩૦

**દૂધ વિતરણ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટ આપવાનો છે**

ગાંધીનગર ડેરીમાંથી સવારે અને બપોરે દૂધ / છાશનાં ભરેલાં ક્રેટ લાવી મંડળીના નક્કી કરેલા રૂટના દૂધ વિતરણ કેન્દ્રો ઉપર પહોંચાડવાનો તેમજ ખાલી થયેલા ક્રેટ ઉઘરાવી પરત ગાંધીનગર ડેરીમાં જમા કરાવવાનો **બાર માસના સમય માટે સવારના ૧૦ રૂટ અને બપોરના ૪ રૂટ માટે દરેક રૂટના ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટરોની નિમણુંક કરવાની છે. તો સ્વરાજ મઝદા, આઈસર, ડીસીએમ ટોયેટો, ટાટા-૬૦૮, ટાટા-૭૦૯** (૬૦૦ ક્રેટનો સમાવેશ થઈ શકે તેવી કંપનીની ગાડી)ના માલિકોને મંડળીની ઓફીસેથી ટેન્ડરની નકલ રૂબરૂમાં મેળવી તેમાં ભાવ ભરીને નિયત ટેન્ડર ડીપોઝીટ સાથે **તા. ૧૪/૯/૨૦૧૫ના રોજ સાંજના ૫-૦૦ કલાક સુધીમાં** સીલબંધ કવરમાં મંડળીની ઓફીસે પહોંચતા કરવા જણાવવામાં આવે છે. **તા. ૮/૯/૨૦૧૫ને મંગળવારથી ટેન્ડરની નકલ** મંડળીના ઓફીસ સમય દરમિયાન આપવામાં આવશે.

**તા. ૮/૯/૨૦૧૫** **જનરલ મેનેજર**

LED
LCD
&
Colour
TV
રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧




શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com